પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૯૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૮-૧૨-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ગુજરાતમાં પુનાર્વર્તન કે પરિવર્તન

ચૂંટણી પંચે મત ગણતરીની તમામ તૈયારીઓ પૂર્ણ કરી, ગણતરીના કલાકોમાં પરિણામનું ચિત્ર સ્પષ્ટ થશે

રાજ્યના ૩૭ કેન્દ્રો ઉપરમતગણતરી થશે, ૧૮૨ કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, ૧૮૨ ચૂંટણી અધિકારી અને ૪૯૪ મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે

ગાંધીનગર, ગુજરાત વિધાનસભાની ચૂંટણી-૨૦૨૨ની મતગણતરી આવતીકાલે તારીખ ૮ ડિસેમ્બરના રોજ હાથ ધરાશે ત્યારે ચુંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે.મતદાન કેન્દ્રો પર કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ચૂંટણી કમિશ્નર પી. ભારતીએ જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં ૩૭ મતગણતરી કેન્દ્રો પર મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદમાં ૩ મતગણતરી કેન્દ્રો પર, સુરતમાં ૨ મતગણતરી કેન્દ્ર પર અને આણંદમાં પણ ૨ મતગણતરી કેન્દ્રો છે. એ સિવાય તમામ જિલ્લાઓમાં એક-એક મતગણતરી કેન્દ્ર ઉપર એકીસાથે મત ગણતરી શરૂ કરાશે.

રાજ્યના તમામ મતગણતરી મથકોએ આવશ્યક તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. સમગ્ર કાઉન્ટિંગ પ્રોસેસ માટે ૧૮૨ કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, ૧૮૨ ચૂંટણી અધિકારી અને ૪૯૪ મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. મતગણતરી માટે વધારાના ૭૮ મદદનીશ ચૂંટણી અધિકારી હશે. આ ઉપરાંત ૭૧ વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને ઈલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે.

રાજ્યના તમામ મતગણતરી મથકોએ આવશ્યક તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. સમગ્ર કાઉન્ટિંગ પ્રોસેસ માટે ૧૮૨ કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, ૧૮૨ ચૂંટણી અધિકારી અને ૪૯૪ મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. મતગણતરી માટે વધારાના ૭૮ મદદનીશ ચૂંટણી અધિકારી હશે. આ ઉપરાંત ૭૧ વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને ઈલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે.આ માટે તમામ કાઉન્ટિંગ સ્ટાફની નિમણૂક થઈ ગઈ છે. સેકન્ડ રેન્ડમાઈઝેશન પણ આજે પૂર્ણ કરાશે અને મતગણતરી પહેલા સવારે ૫:૦૦ વાગે થર્ડ રેન્ડમાઈઝેશન પ્રક્રિયા કરાશે. મતદાન કેન્દ્રના દરેક ટેબલ પર એક માઈક્રો-ઑબ્ઝર્વર, કાઉન્ટીંગ સુપરવાઈઝર અને કાઉન્ટીંગ આસિસ્ટન્ટને ફરજ સોંપવામાં આવી છે. આ ઉપરાંત કાઉન્ટીંગ હૉલમાં બે માઈક્રો-ઑબ્ઝર્વર મૂકવામાં આવશે. અધિકારીઓને ઈલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે.આ માટે તમામ કાઉન્ટિંગ સ્ટાફની નિમણૂક થઈ ગઈ છે. સેકન્ડ રેન્ડમાઈઝેશન પણ આજે પૂર્ણ કરાશે અને મતગણતરી પહેલા સવારે ૫:૦૦ વાગે થર્ડ રેન્ડમાઈઝેશન પ્રક્રિયા કરાશે. મતદાન કેન્દ્રના દરેક ટેબલ પર એક માઈક્રો-ઑબ્ઝર્વર, કાઉન્ટીંગ સુપરવાઈઝર અને કાઉન્ટીંગ આસિસ્ટન્ટને ફરજ સોંપવામાં આવી છે. આ ઉપરાંત કાઉન્ટીંગ હૉલમાં બે માઈક્રો-ઑબ્ઝર્વર મૂકવામાં આવશે. મતગણતરીની સમગ્ર પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે. મતગણતરી મથકો પર ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારીઓ, નિરિક્ષકો, ફરજરત કર્મચારીઓ-અધિકારીઓ, ઉમેદવારો તથા કાઉન્ટીંગ એજન્ટ્સ અને દરેક ઉમેદવારના કાઉન્ટિંગ એજન્ટ્સ પણ પ્રવેશ કરી શકશે. રિટર્નિંગ ઑફિસર/ આસિસ્ટન્ટ રિટર્નિંગ ઑફિસર, ઉમેદવાર-કાઉન્ટીંગ એજન્ટ્સ તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા નિમણૂંક પામેલા ઑબ્ઝર્વર્સની હાજરીમાં સ્ટ્રોંગરૂમમાંથી ઈફસ બહાર કાઢી કાઉન્ટીંગ હૉલમાં ગોઠવવામાં આવશે. સવારે ૮:૦૦ વાગે સૌપ્રથમ પોસ્ટલ બેલેટની ગણતરી કરાશે અને ૮:૩૦ વાગ્યાથી પોસ્ટલ બેલેટની સાથે સાથે ઈફસ્ના મતોની ગણતરી પણ શરુ કરાશે.

તમામ કાઉન્ટિંગ સેન્ટર પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ મતગણતરીની તૈયારીઓની સમીક્ષા કરી તેને આખરી ઓપ આપતાં જણાવ્યું કે, રાજ્યના ૩૩ જિલ્લામાં ૩૭ મતગણતરી મથકોએ તમામ આવશ્યક તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મત ગણતરી કેન્દ્રના કેમ્પસની બહાર સ્થાનિક પોલીસનો પહેરો હશે. મતગણતરી લોકેશન પર એસઆરપીએફ અને મતગણતરી કેન્દ્રના દરવાજાની બહાર સીએપીએફનો ચુસ્ત બંદોબસ્ત હશે. ફરજ પરના અધિકારીઓ અને ખાસ મંજૂરી પ્રાપ્ત રાજકિય પ્રતિનિધિઓ સિવાય વ્યક્તિ કે વાહનને આ સંકુલમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં.

રાજ્યના તમામ કાઉન્ટીંગ સેન્ટર્સને કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, ટેલિફોન અને ફેક્સ જેવી અત્યાધુનિક સંચારસુવિધાથી સજ્જ કરવામાં આવ્યા છે. મોબાઈલ ટેલિફોન, આઈ-પેડ કે લેપટૉપ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મતગણતરી કેન્દ્રમાં લઈ જઈ શકાશે નહીં. કમિશનના ઑબ્ઝર્વર્સ, રિટર્નિંગ ઑફિસર, આસિસ્ટન્ટ રિટર્નિંગ ઑફિસર અને કાઉન્ટીંગ સુપરવાઈઝર્સ પર આ પ્રતિબંધ લાગુ પડશે નહીં. દરેક મતગણતરી કેન્દ્રમાં મિડિયા સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. મિડિયા સેન્ટર સિવાય મતગણતરી કેન્દ્રના સંકુલમાં ક્યાંય પણ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકાશે નહીં.કલાકોમાં જ પરિણામનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે હવે લોકોની નજર પરિણામ પર છે હવે પુર્વાવર્તન થશે કે પરિવર્તન તે જોવાનું રસપ્રદ બની રહેશે

૧૮૨ વિધાનસભા બેઠકના પરિણામ જાહેર થશે જાહેર, મત ગણતરી કેન્દ્રો પર ચુસ્ત બંદોબસ્ત

અમદાવાદ, વિધાનસભાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ હવે સૌ કોઈની નજર આવતીકાલે જાહેર થનારા પરિણામ પર છે. મતગણતરી એક દિવસ બાદ થવાની હોવાથી શહેરો સહિત જિલ્લામાં મતગણતરી કેન્દ્રો પર થ્રી-લેયરમાં સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. વડોદરા જિલ્લા અને શહેરની ૧૦ બેઠકોની મતગણતરી પોલીટેકનિક કોલેજમાં થશે. તો અમદાવાદમાં તમામ ૨૧ બેઠકોની એલ ડી એન્જિનિયરિંગ, ગુજરાત કોલેજ અને પોલીટેકનિક કોલેજમાં મતગણતરી થશે. આ તરફ ભાવનગરમાં ઈજનેરી કોલેજમાં મત ગણતરી થશે. બીજી તરફ સાબરકાંઠાના હિંમતનગરમાં પોલીટેકનિક કોલેજમાં મતગણતરી થવાની હોવાથી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે.

આવતીકાલે જાહેર થનારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામની ગુજરાતના તમામ લોકો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. એક્ઝિટ પોલમાં ભાજપની સત્તાનું પરિવર્તન થવાની સંભાવના દર્શાવાય છે. જોકે તમામ પક્ષ પોતાની જીતનો વિશ્વાસ પરિણામ સુધી અંકબંધ રાખી રહ્યા છે. આ વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મા અંબાજીના આશિર્વાદ લેવા અને જીતની પ્રાર્થના કરવા અંબાજી પહોંચ્યા હતા. તો બીજી તરફ એગ્જિટ પોલના તમામ રિપોર્ટ ખોટા પડશે તેવો આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીનો દાવો કર્યો છે.

કોંગ્રેસ કાર્યાલયે પરિવર્તનના કાઉન્ટડાઉનની ઘડીયાળ લાગી છે. જે કોંગ્રેસના જીતનો દાવો વ્યક્ત કરી રહી છે. તો અપક્ષ ઉમેદવારને ચૂંટણી પંચ પર ભરોસો ન હોય તે રીતે સ્ટ્રોંગરૂમની બહાર ખાનગી સુરક્ષા ગોઠવી છે. આ તમામ વચ્ચે જસદણ ભાજપમાં જુથવાદ હોવાની ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે. જેમાં કુંવરજી બાવળીયાની સામે કોંગ્રેસના ઉમેદવારને વોટ કરવા ભાજપના કાર્યકર્તાઓ કહી રહ્યા છે. એવામાં આ તમામ બાબતો પરથી ૮ ડિસેમ્બરે પડદો ઉચકશે. કયા ઉમેદવાર ક્યાં બાજી મારશે, નવા ઉમેદવારો બેઠકો મેળવી શકશે કે નહીં અને જૂના જોગીઓ પોતાના ગઢ જાળવી રાખશે કે નહીં આ તમામ બાબતો આવતીકાલે સ્પષ્ટ થઈ જશે. તો બીજી તરફ ભાજપ અઢી દાયકાનો દબદબો જાળવી શકશે? અને જાળવી શકશે તો કેટલી બેઠકના વધારા કે ઘટાડા સાથે તેનો દબદબો રહેશે તે પણ ચર્ચાનો વિષય બન્યો છે તો આ વખતે ગુજરાતમાં વધુમાં વધુ બેઠકો મેળવવા અધીરી બની ગયેલી આપ પાર્ટીએ પણ ક્યાં કેટલું મેદાન માર્યું તે પણ સ્પષ્ટ થઈ જશે. મતગણતરીને આડે હવે ગણતરીના કલાકો બાકી છે. ત્યારે કેટલાક પક્ષોએ અને ઉમેદવારે તો ફાટકડા અને મીઠાઈના ઓર્ડર સાથે વિજયી સરઘસ કાઢવાની પણ તૈયારી કરી લીધી છે.

ગુજરાતના ઈતિહાસમાંપ્રથમ વખત મતગણતરીની પેટર્ન બદલાશે! બેલેટ પેપર અને EVMએકસાથે ખોલાશે

અમદાવાદ, ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટણીના મતની ગણતરી દરમિયાન બેલેટ પેપર અને ઈવીએમ એકસાથે ખોલાશે અને બેલેટ પેપર અને ઈવીએમના મતોની ગણતરી પણ એક સાથે કરાશે. આ પહેલા એવું થતું હતું કે, પહેલા બેલેટ પેપરની ગણતરી થતી હતી અને તેના પછી ઈવીએમ ખોલાતા હતા અને તેમા પડેલા મતની ગણતરી શરૂ કરાતી હતી.

જોકે આ વખતે બેલેટ પેપર અને ઈવીએમની ગણતરી એકસાથે થવાની છે. આ સાથે જ મત ગણતરી દરમિયાન બેલેટ પેપર માટે એક અલગ ટેબલ મૂકવામાં આવશે પરંતુ મતોની ગણતરી એક જ સમયે શરૂ થશે. આમ ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર એવું બનશે કે ઈવીએમ અને બેલેટ પેપરની ગણતરી એકસાથે હાથ ધરવામાં આવશે.

સુત્રોના જણાવ્યા અનુસાર સવારે આઠ વાગ્યાથી મતગણતરી શરૂ થશે અને બપોર સુધીમાં મોટાભાગના પરિણામ આવી જશે અને એ વાત નક્કી થઈ જશે કે ગુજરાતમાં કોની સરકાર આવશે હાલમાં મતગણતરીને લઈને ચુંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે.સ્ટ્રોગ રૂમની બહાર સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે.

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગહસ્તકની રોજગાર અને તાલીમ ગાંધીનગરના તાબા ખાતેની ગુજરાત બાલ વિકાસ મંડળ સંચાલિત શ્રી ઝંડ હનુમાન ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર જાંબુઘોડા, તા. જાંબુઘોડા, જી. પંચમહાલખાતેની કચેરીમાં ક્વોલીટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ – સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને કાઈલો / ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્રતયા કામગીરીની* – " કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા " પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓપાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ૬૬૫ રજી.પો.એ.ડી. થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧–૦૦ થી ૧૫–૦૦ કલાક વચ્ચે તા. ૨૩/૧૨/૨૦૨૨ સુધીમાં શ્રી ઝંડ હનુમાન ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા, તા. જાંબુઘોડા, જી. પંચમહાલ કચેરી ખાતેથી અરજી સાથે આચાર્યશ્રી શ્રી ઝંડ હનુમાન ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા કચેરીના નામનો રૂા. ૧૫૦૦/– નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યાવિના રદ કરવાનો અબાધિતઅધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓદ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧૯/૧૨/૨૦૨૨ ના રોજ ૧૬:૦૦ કલાકે શ્રી ઝંડ હનુમાન ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૨૮/૧૨/૨૦૨૨ ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : જાંબુઘોડા
તારીખ : ૦૭/૧૨/૨૦૨૨

આચાર્ય
શ્રી ઝંડ હનુમાન ઔદ્યોગિક તાલીમ સંસ્થા
જાંબુઘોડા તા. જાંબુઘોડા, જી. પંચમહાલ

મેરે બારેમે કોઈ રાય મત બનાના ગાલિબ, મેરા વક્ત ભી બદલેગા...', શાયરીના અંદાજમાં ખડગેએ ધનખડને કહ્યુ

નવીદિલ્હી, સંસદનુશિયાળુસત્ર આજે(૭ ડિસેમ્બર)થી શરુ થઈ ગયુ છે. દેશના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રાજ્યસભાના અધ્યક્ષનો પદભાર સંભાળ્યો છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વખત રાજ્યસભાના અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા છે. શિયાળુ સત્રની શરૂઆતમાં પ્રથમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડને અભિનંદન પાઠવ્યા.

જે બાદ વિપક્ષના નેતા મલ્લિકાર્જૂન ખડગેએ રાજ્યસભામાં જગદીપ ધનખડનુ સ્વાગત કર્યુ. આ દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ ધનખડ સાથે શાયરીના અંદાજમાં વાત કરી હતી. મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડને કહ્યુ કે, 'મેરે બારેમે કોઈ રાય મત બનાના ગાલિબ, મેરા વક્ત ભી બદલેગા, મેરી રાય ભી બદલેગી.'

મલ્લિકાર્જૂન ખડગેએ જગદીપ ધનખડને કહ્યુ, 'વિપક્ષના સભ્યો વતી હું તમને દેશના બીજા સર્વોચ્ચ બંધારણીય પદની જવાબદારી નિભાવવા બદલ અભિનંદન આપુ છુ. આજે અમને રાજ્યસભાના અધ્યક્ષ તરીકે તમારુ સ્વાગત કરવાની તક મળી છે. હું કહેવા માંગુ છુ કે રાજ્યસભાના સંરક્ષક તરીકે તમારી ભૂમિકા અન્ય ભૂમિકાઓ કરતા ઘણી મોટી છે. તમે જે આસન પર બેઠા છો તેના પર ઘણા મહાનુભાવો બેઠા છે. આ દેશનુ સર્વોચ્ચ સભ્યપદ છે.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યુ, 'તમે ધરતી પુત્ર છો, તમે સંસદીય પરંપરાઓને સારી રીતે સમજો છો. રાજસ્થાન વિધાનસભા અને પશ્ચિમ બંગાળમાં રાજ્યપાલ રહી ચૂક્યા છો. તમને વાંચન અને લેખનમાં રસ છે, તમારી રૂપરેખા ઘણી મોટી છે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને રાજ્યસભાના અધ્યક્ષ તરીકેનુ પદ સંભાળવા માટે આવકાર આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યુ, 'અમારા ઉપરાષ્ટ્રપતિ એક ખેડૂત પુત્ર છે અને તેમણે સૈનિક સ્કૂલમાં અભ્યાસ કર્યો છે. આમ, તેઓ જવાનો અને ખેડૂતો સાથે ગાઢ રીતે જોડાયેલા છે. પીએમ મોદીએ કહ્યુ, 'મને વિશ્વાસ છે કે તમારા માર્ગદર્શન હેઠળ રાજ્યસભા ન માત્ર તેના વારસાને આગળ વધારશે પરંતુ નવી ઊંચાઈઓ પણ આપશે. સમગ્ર ગૃહ અને દેશ વતી હું આદરણીય અધ્યક્ષને મારી શુભકામનાઓ પાઠવુ છુ.

દિલ્હીની MCDની ચુંટણીમાં આપે દોઢ દાયકાથી સત્તા પર બિરાજમાન ભાજપ પાસેથી સત્તા આંચકી લીધી

નવીદિલ્હી, આમ આદમી પાર્ટીએ દિલ્હીની છોટી સરકાર એટલે કે એમસીડી ઉપર પણ કબજો જમાવી લીધો છે આંકડા મુજબ પાર્ટીએ ૧૩૪ બેઠકો જીતી છે જ્યારે ભાજપે ૧૦૪ બેઠકો જીતી છે અને કોંગ્રેસના ફાળે ૯ બેઠક ગઈ છે અને જ્યારે ૩ બેઠકો અપક્ષો જીત્યા છે અત્રે જણાવવાનું કે એમસીડીમાં કુલ ૨૫૦ વોર્ડ છે અને બહુમત માટે ૧૨૬ વોર્ડમાં જીત જરૂરી છે. એક નગર નિગમ ચૂંટણી હોવા છતાં આ વખતે એમસીડી ચૂંટણી એક હાઈ પ્રોફાઈલ ચૂંટણી બની ગઈ હતી. કારણ કે દોઢ દાયકાથી એમસીડીની સત્તા પર બિરાજમાન ભાજપની શાખ દાવ પર લાગી હતી. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં તો આમ આદમી પાર્ટી સતત ભાજપને માત આપી રહી હતી પરંતુ ભગવા પાર્ટીએ એમસીડીમાં પોતાની સત્તા જાળવી રાખી હતી. બીજી બાજુ આમ આદમી પાર્ટી આ ચૂંટણી જીતીને સમગ્ર દેશને એ સંદેશો આપવા માંગતી હતી કે જો ભાજપનો વિજય રથ કોઈ રોકી શકે તો તે ફક્ત કેજરીવાલ જ છે. જેમાં તે અત્યારે તો સફળતા મેળવતી જોવા મળી રહી છે. જો કે આમ આદમી પાર્ટીની આશા મુજબ પરિણામોમાં તેને ક્લીન સ્વીપ મળી નથી પરંતુ ભાજપ અને આપ વચ્ચેનું અંતર ઓછું છે. બીજી બાજુ કોંગ્રેસ ગત ચૂંટણીની જેમ આ વખતે પણ કોઈ છાપ છોડતી જોવા મળતી નથી.

ભાજપે આ વખતે ચૂંટણી જીતવા માટે પોતાની પૂરેપૂરી તાકાત ઝોંકી દીધી હતી. પાર્ટીએ કેન્દ્રીય મંત્રીઓ સહિત અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓને પ્રચારમાં ઉતાર્યા હતા. પરંતુ એવું લાગે છે કે ભાજપ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓથી વધુ કેજરીવાલ દ્વારા ઉઠાવવામાં આવેલો કચરાનો મુદ્દો બધા પર ભારે પડી ગયો છે. દિલ્હીમાં ૩ કચરાના પહાડ અનેક વર્ષોથી ઊભા છે પરંતુ આજ સુધી તે ચૂંટણીનો મુદ્દો બની શક્યા નહતા. આ વખતે અરવિંદ કેજરીવાલે આ ૩ પહાડનો મુદ્દો ઉઠાવીને ભાજપને ઘણું પરેશાન કર્યું હતું સુલ્તાનપુરી એ વોર્ડમાંથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર બોબી જીતા ગયા છે. પહેલી વાર એમસીડીમાં ટ્રાંસજેન્ડર સમુદાયમાંથી કોઈ સભ્ય બન્યું છે.દરિયાગંજથી આમ આદમી પાર્ટીની સારિકા જીતી ગૌતમપુરીથી ભાજપના સત્યા શર્માની જીત સંતનગરથી આમ આદમી પાર્ટીના રુબી જીત્યા છે

એમસીડીની ચુંટણીના પરિણામ આવ્યા બાદ આપના સંયોજક અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીની જનતાનો આભાર માન્યો હતો. આટલી શાનદાર જીત માટે અને પરિવર્તન માટે અભિનંદન પાઠવ્યા હતાં તેમણે કહ્યું હતું કે દિલ્હીની જનતાએ પોતાના પુત્ર અને ભાઈને લાયક સમજયા અને જવાબદારી સોંપી અત્યાર સુધી જનતાએ સ્કુલોની જવાબદારી આપી તે અમે રાત દિવસ મહેનત કરી સારી સ્કુલો બનાવી,આરોગ્યની જવાબદારી નિભાવી અને હવે લોકોએ હવે સફાઈ કરવાની જવાબદારી સોંપી છે ભ્રષ્ટાચારની જવાબદારી સોંપી છે અને અમે રાત દિવસ મહેનત કરી પ્રજાના વિશ્વાસનો પુરો કરવામાં આવશે.તેમણે હાજર લોકોને આઈ લવ યું કહ્યું હતું કે તમામ જીતેલા ઉમેદવારોને જીતના અભિનંદન પાઠવાય હતાં જે હાર્યા છે તેમને પણ કહ્યું હતું કે નિરાશ થવાની જરૂર નથી તમારો પણ સાથ લેવામાં આવશે રાજનીતિ આજ સુધી હતી હવે તમામે સાથે મળી કામ કરવાનું છે હું તમામ પાર્ટીના નેતાઓનો સહયોગ માંગુ છું ૨૫૦ કોર્પોરેટ ચુંટાઈ આવ્યા છે તે કોઈ પાર્ટીના કોર્પોરેટર નથી હવે તેઓ દિલ્હીના કોર્પોરેટરો છે. જેમણે મત આપ્યા તેમનો આભાર જેમણે નથી આપ્યા તેમનું કામ પહેલા કરવામાં આવશે દિલ્હીની યોગ્ય કરવામાં તમામની જરૂરત છે કેન્દ્ર સરકારની પણ જરૂરત છે. હું કેન્દ્ર સરકારના પણ આર્શીવાદ જોઈએ છે.તેમણે કહ્યું કે દિલ્હીના બે કરોડનો પરિવાર સાથે મળી કામ કરશે ભ્રષ્ટ્રાચાર દુર કરવાના છે. દિલ્હી સરકારમાં ભ્રષ્ટ્રાચાર થતો નથી તેમ એમસીડીમાંથી પણ ભ્રષ્ટ્રાચારને દુર કરવાનો છે. દિલ્હીના લોકોએ દેશને સંદેશ આપ્યો છે કે સ્કુલો અને આરોગ્યના કારણે પણ જીત હાંસલ થયા છે અને આ ચોથી જીત છે.મુદ્દાની રાજનીતિ કરી છે અમે ગાળીગલોચ કરી નથી મારપિટ કરી નથી કોઈના પર આરોપ લગાવ્યો નથી જો પોઝીટીવ રાજનીતિ થશે તો જ દેશ દુનિયામાં આગળ વધશે તેમણે કહ્યું હતું કે જીતેલાઓએ અહંકાર કરવાની જરૂર નથી અહંકારથી બરબાદી થાય છે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ચુંટણી પરિણામ બાદ જણાવ્યું હતું કે આ જનતાની જીત છે.૧૫ વર્ષ બાદ જનતાનો વિજય થયો છે.આમ આદમી પાર્ટીએ દિલ્હી પણ જીતી છે અને દિલ પણ જીતી છે.તેમણે કહ્યું હતું કે જે રીતે બહાર આવી મતદાન કર્યું અને જે વિશ્વાસ રાખ્યો હતો તે બદલ મતદારોનો આભાર તેમણે કહ્યું હતું કે દિલ્હીની જનતાએ ચાર વખત આપ પર વિશ્વાસ વ્યકત કર્યો હતો આ સાથે જ તેમણે કહ્યું હતું કે આવતીકાલે ગુજરાતમાં પણ ચમત્કાર જોવા મળશે તેમણે કહ્યું હતું કે દિલ્હીમાં એકઝીટ ખોટા પડયા છે અને ગુજરાતમાં પણ એકઝીટ પણ ખોટા પડશેઆપ નેતા સૌરભા ભારદ્વાજે કહ્યું છે કે, દિલ્હીવાસીઓએ ભાજપના કેમ્પેઈનને રિજેક્ટ કર્યું છે. આ વખતે દિલ્હીની જનતા એમસીડીમાં આપની સાથે ચાલશે. ભાજપે કોઈ એવું કામ નથી કર્યુ, જેના વિશે તેઓ બતાવી શકે. ભાજપ નેતા પણ માને છેકે સૌથી મોટો મુદ્દો સાફ સફાઈનો છે. મતગણતરી કેન્દ્ર પર કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ ફોર્સની ૨૦ કંપનીઓ અને ૧૦,૦૦૦થી વધારે પોલીસ કર્મીઓ સુરક્ષામાં તૈનાત કર્યા હતાં.બીજી તરફ ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોમાં નિરાશા છવાઈ ગઈ હતી.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહીસાગર જિલ્લામાં આવેલી ત્રણ વિધાનસભા બેઠક માટે

મતગણતરી જિલ્લાના વડુ મથક લુણાવાડા ખાતે પી.એન. પંડ્યા આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે યોજાશે

લુણાવાડા, ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં બંને તબક્કાનું મતદાન થઈ ગયું છે. ત્યારે હવે ૮ ડિસેમ્બરે મતગણતરી થવાની છે. આ માટે અત્યારથી જ તડામાર તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે. તેવામાં હવે મહિસાગર જિલ્લામાં ત્રણ બેઠક માટેનીમ મતગણતરી એક જ સ્થળે થવાની છે. એના માટે અત્યારથી જ સ્ટ્રોંગ રૂમની બહાર બંદોબસ્તથી લઈ ગણતરી માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

સમગ્ર ગુજરાતમાં ૮ ડિસેમ્બરે ૧૮૨ વિધાનસભા બેઠક માટે મતગણતરી હાથ ધરાશે. જે અંતર્ગત મહીસાગર જિલ્લામાં પણ આવેલી ત્રણ વિધાનસભા બેઠક માટે મતગણતરી જિલ્લાના વડા મથક લુણાવાડા ખાતે પી એન પંડ્યા આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે યોજાશે. આના માટે મહીસાગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્થળ પર મતગણતરી માટેની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

લુણાવાડા ખાતે આવેલી પી એન પંડ્યા આર્ટ્સ,કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ રાખવામાં આવ્યા છે. અહીં જ મતગણતરી યોજાવાની છે. આ સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તદુપરાંત સ્ટ્રોંગ રૂમનું સીસીટીવી વડે મોનેટરીગ કરવામાં આવી રહ્યું છે. મહીસાગર જિલ્લામાં ત્રણ વિધાનસભા બેઠક આવેલી છે. બાલાસિનોર વિધાનસભા બેઠક માટે ૬૨.૩૦% મતદાન થયું છે અને ૮ ઉમેદવારના ભાવિ ઈવીએમમાં કેદ થઈ ચૂક્યા છે. લુણાવાડા વિધાનસભા બેઠક માટે ૬૦.૬૦% મતદાન થયું છે અને લુણાવાડા બેઠક માટે પણ ૮ ઉમેદવારના ભાવિ ઈવીએમ માં સીલ થઈ ચૂક્યા છે. સંતરામપુર વિધાનસભા બેઠક માટે ૫૭.૦૦% મતદાન થયું છે અને સંતરામપુર વિધાનસભા બેઠક પરથી ૬ ઉમેદવારના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ચૂક્યા છે. આવી રીતે સમગ્ર જિલ્લામાં સરેરાશ ૫૯.૯૭% મતદાન થયું છે અને જિલ્લાના ત્રણ વિધાનસભા બેઠક માટે ૨૨ ઉમેદવારના ભાવિ હવે ટૂંક સમયમાં જ નક્કી થઈ જશે. મતગણતરી આઠ તારીખે યોજાશે. ત્યારે જોવું રહ્યું કે કયા ઉમેદવારની જીત થશે.

લુણાવાડા પી.એન.પંડ્યા કોલેજ ખાતે મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને સર્વગ્રાહી સમીક્ષા કરતાં જિલ્લા ચૂંટણી અધિકારી

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર, ગુજરાત રાજયમાં યોજાયેલ વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ ની મતગણતરી તા. ૮ ડિસેમ્બરના રોજ યોજાશે. ત્યારે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી ભાવિન પંડ્યાએ મતગણતરીની પ્રક્રિયા શાંતિ અને સલામતી સાથે સુચારૂ રીતે યોજાય તે માટે પી.એન.પંડ્યા કોલેજ, લુણાવાડા ખાતે મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી હતી.

મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી ભાવિન પંડ્યાએ ઇ.વી.એમ.રીસીવિંગ સેન્ટરના સ્ટ્રોંગ રૂમનું નિરીક્ષણ કરી આવશ્યક માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. તેમજ સી.સી.ટી.વી. કેમેરા અને એલ.ઈ.ડી. સ્ક્રીનની વ્યવસ્થા, અધિકારીઓ અને રાજકીય પક્ષોના ઉમેદવારોની બેઠક વ્યવસ્થા, કોન્ફરન્સ રૂમ, કંટ્રોલ રૂમ, મીડીયા રૂમ સહિતની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

નકલી દવાઓના ગોરખ ધંધાએ માઝા મૂકી છે તેવા સમયે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ સક્રિય થશે ...???

દે.બારીયા, કોરોનાકાળ બાદ ગોલમાલ ચરમસીમાએ પહોંચી અને નકલી દવાઓનો વેપલાએ માઝા મૂકી છે. જેના કારણે હવે સરકાર આ અંગે કડક વલણ અપનાવવાનું મન બનાવ્યું છે. નકલી દવાઓનો વેપાર રોકવા માટે સરકારે નવો નિયમ બનાવવાનો નિર્ણય કર્યો છે. હવે દવાઓના પેકેટસ પર પણ બારકોડ લાગશે. આ બારકોડ લાગશે ત્યારે લાગશે પણ હાલમાં નકલી દવાઓનું વેચાણ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના મેળાપીપણાથી ધમધોકાર ચાલી રહ્યું છે. તેનું શું ? તેને કોણ રોકશે તે મોટો ચક્ષ પ્રશ્ન છે.

દવાઓના વેચાણ સતત વધી રહ્યો છે. જેથી ગોરખધંધા ક્યાંક સસ્તી દવાઓને મોંઘા ભાવે વેચવાના કૌભાંડ થતા હોય છે. તો ક્યાંક અસલી દવાઓના બદલે નકલી દવાઓ પધરાવી દેવાના કૌભાંડ સોમ આવ્યા છે. ગુજરાતમાં આ પ્રકારે મેડીકલ સેકટરમાં થતી હોય છે. તેમાં શંકાના સ્થાન નથી. જેના કારણે હવે સરકારે આ અંગે કડક વલણ અપનાવ્યું છે. નકલી દવાઓનું વેપાર રોકવા માટે સરકારે નવો નિયમ અપનાવવાનો નિર્ણય કર્યો છે. દવાઓમાં ઉપયોગમાં લેવાતા એકિયા ફર્માસ્યુનિકલ ઈન્ગોડિયન્ટસ પર બારકોડ મુકવાનું ફરજીયાત બનાવ્યું છે. ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયે દેની અંદર વેચવામાં આવતી દવાઓ પર બારકોડ ફરજીયાત લગાવવાના શીડયુલને એચર સાથે જોડયું છે. સરકારનું કહેવું છે કે, આ નિર્ણયથી મેન્યુફેકચરીંગ અને સપ્લાયર્સ ચેઈન દ્વારા અધિકૃતા અને ફેસીબીલીટીની ખાતરી કરશે આ બારકોડમાં પ્રોડકટ આઈડેન્ટીફિટેશન્સ કોડ દવાનું યોગ્ય અને સામન્ય નામ બ્રાન્ડ નામ ઉત્પાદનનું નામ અને સરનામું બેન્ચ નંબર ઉત્પાદનની તારીખ સામેલ છે. દવાનો જથ્થો દવાની એકસપાયરી ડેટ અને મેન્યુફેકચરીંગ લાઈસન્સ નંબર સહિતની તમામ માહિતી જોવા મળશે. સરકાર આ પહેલને ભારતભરના કેમીસ્ટ આઉટ લેટ્સ પર પ્રમોટ કરવાની યોજના ધરાવે છે. આ નિયમ લાવવા માટે સરકારે ડ્રગ એન્ડ કોસ્મીટીકસ એકટ ૧૯૪૦માં સુધારો કર્યો છે. આના અંતર્ગત દવા બનાવતી કંપનીઓ માટે દવાનો ઉઈ કોડ લગાવવો ફરજીયાત રહેશે. તેમણે શીડયુલ H2/QK કોડ મુકવો પડશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ગયા મહિને ડ્રગ્સ એન્ડ કોસમેટીક રૂલ્સ ૧૯૪૫ (ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક રૂલ્સ ૧૯૪૫)માં સુધારો કરીને ટોચની ૩૦૦ બ્રાન્ડની દવાઓ પર બારકોડ ફરજીયાત બનાવ્યો હતો અને તેમાં નવું શીડયુલ H2 ઉમેર્યું હતું. આ પગલાનો હેતુ મેન્યુફેકચરીંગ અને સપ્લાયર્સ ચેઈન દ્વારા અધિકૃતતા અને ફેસીબીલીટી સુનિશ્ચિત કરવાનો છે. આ નિયમ ૧ ઓગસ્ટ ૨૦૨૩ થી લાગુ થશે.

દે.બારીયાના પીપલોદની યુવતિ સાથે મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

દાહોદ, મૂળ પંચમહાલ જિલ્લાના મોરવા ગામની વતની અને હાલ દે.બારીયાના પીપલોદ ગામે ખાંડા ફળિયામાં રહેતી ૧૮ વર્ષીય વિદ્યાર્થીનીની મરજી વરૂધ્ધ પીપલોદ ગામના જ યુવાને દુષ્કર્મ આચરી આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાંખીશ તેમ કહી ધમકી આપ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર પીપલોદ ગામના ખાંડા ફળિયામાં રહેતા વિનોદભાઈ લાલાભાઈ વણકરે ગત તા. ૨૨મી ડિસેમ્બરના રોજ સવારે સાડા અગ્યાર વાગ્યાના સુમારે તેના જ ફળિયામાં રહેતી ૧૮ વર્ષીય વિદ્યાર્થીનીની મરજી વિરૂદ્ધ બળજબરી પૂર્વક શરીર સંભોગ કરી આ વાત કોઈને કરીશ તો તને જાનથી મારી નાંખીશ કરી જાનથી મારી નાંખવાની ધાકધમકી આપી હતી. આ સંબંધે શરીર સંભોગનો ભોગ બનેલી ૧૮ વર્ષીય વિદ્યાર્થીનીએ નોંધાવેલ ફરિયાદને આધારે પીપલોદ પોલીસે ગામના ખાંડા ફળિયામાં રહેતા વિનોદભાઈ લાલાભાઈ વણકર વિરૂધ્ધ બળાત્કારનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બલૈયા બાવાની હાથોડ ખાતે કરોડો રૂપિયાના ખર્ચે પીવાના પાણીની શરૂઆત ઉભી કરાઈ હતી તે ત્રણ વર્ષ છતાં પાણી મળ્યુ નથી

બલૈયા, બાવાની હાથોડ ખાતે ત્રણેક વર્ષ અગાઉ કરોડો રૂપિયાના ખર્ચે ભુગર્ભ ટાંકી બનાવવામાં આવી હતી. તેમાં ભાણાસીમલ યોજના પાણી દ્વારા ભરી આસપાસના બાવાની હાથોડ, બારીયાની હાથોડ તથા નાના સરણૈયા તેમજ અન્ય ગામડાઓમાં પીવાનુ પાણી આપવા માટે મોટા ઉપાડે કામગીરી ચાલુ કરવામાં આવી હતી. પરંતુ ૩/૩ વર્ષ વિતવા છતાં આ ભુગર્ભ ટાંકી દ્વારા આસપાસના લોકોને મળવુ જોઈતુ પાણી આજદિન સુધી મળ્યુ નથી. હાલ આ ભુગર્ભ ટાંકી દ્વારા કેટલીક જગ્યાએ પાણી જાય છે. તેમાં કોન્ટ્રાકટરની બેદરકારીથી હજારો લીટર પાણી નજીકથી પસાર થતાં રસ્તા પર રેલાતા રસ્તો પણ તુટી ગયો છે. આ બાબતે સ્થાનિક દ્વારા જવાબદાર તંત્રને અનેકવાર રજુઆતો કરવા છતાં પણ તે પ્રત્યે વહીવટી તંત્ર દ્વારા પણ ધ્યાન આપવામાં નહિ આવતુ હોવાની સ્થાનિકોમાં ફરિયાદો ઉઠવા પામી છે. આ ભુગર્ભ ટાંકીના પાણી દ્વારા ઘર ઘર નલ, ઘર ઘર જલ, યોજનાની પાઈપલાઈન જોડાણ કરવાની હતી. પરંતુ તે કામગીરી પણ આજદિન સુધી કરાઈ નથી. જ્યાં આ કામગીરી કરવામાં આવી રહી છે ત્યાં નિયમો મુજબ પાઈપ દબાણ કરવાની હોય તે રીતે કરવામાં નહિ આવતા વેઠ ઉતાર કામગીરીની બુમો ઉઠવા પામી છે. બાવાની હાથોડ ખાતે આવેલ ભુગર્ભ ટાંકીમાંથી હજારો લીટર પાણીનો દરરોજ વેડફાટ થાય છે. ત્યારે કહી શકાય કે જવાબદાર વહીવટીતંત્રના નિષ્ક્રિયતાથી આ કામગીરી કરનાર કોન્ટ્રાકટર બેદરકારી દાખવી રહ્યો હોવાનો લોકો બપાળો કાઢી રહ્યા છે.

સંજેલીમાં જાહેર માર્ગ ઉપર રખડતા ઢોરોના ત્રાસથી લોકો પરેશાન

સંજેલી, સંજેલી નગરમાં ઠેર ઠેર જાહેર માર્ગો પર રખડતા ઢોરોનો ત્રાસ વધી ગયો છે. અને નગરમાં જયાં જુઓ ત્યાં ઢોરોના ટોળેટોળા જોવા મળે છે. આ અંગે નગરજનો દ્વારા સંજેલી પંચાયતને વારંવાર લેખિત તેમજ મૌખિક જાણ કરવા છતાં પંચાયત તંત્ર દ્વારા કોઈ અગત્યના પગલા લેવામાં આવ્યા નથી. સંજેલી ખાતે આવેલ માંડલી ચોકડી પર અગાઉના સમયસમાં આવા રખડતા ઢોરોને પકડીને બાંધવા માટે ઢોર ડબ્બો બનાવવામાં આવેલ હતો. જે પંચાયત દ્વારા તોડી પાડવામાં આવ્યો છે. જે અંગે નવીન ઢોર ડબ્બો બનાવવા માટે સંજેલીના ગ્રામજનો દ્વારા તંત્રને લેખિત તેમજ મૌખિક જાણ કરવામાં આવી હતી. આ અરજી આપ્યાને ઓછામાં ઓછો છ થી સાત માસ જેટલો સમય વિતી ગયો હોવા છતાં પણ સરકારી તંત્ર દ્વારા આ અંગે કોઈપણ જાતની કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. જેના કારણે સંજેલી નગરમાં રખડતા ઢોરોના ત્રાસ વધી ગયેલ છે. અને અવાર નવાર અકસ્માતો બન્યા કરે છે. સંતરામપુર રોડ પર આવા જ ઢોરોના ટોળામાં બાઈક સવાર અડફેટમાં આવી જતા અકસ્માત સર્જાયો છે. જેથી નગરજનોની માંગણી એવી છે કે, પંચાયત તંત્ર દ્વારા કડક પગલા ભરવામાં આવે અને આવા રખડતા ઢોરોના માલિકો પર કડક પગલા ભરવામાં આવે તેમ જનતા ઈચ્છી રહી છે. અને જો સત્વરે પગલા ભરવામાં આવે તો મોટી જાનહાનિ ટળી જાય તેમ છે.

મોરબીમાં ગમે તે જીતે, તો પણ જીતના ઢોલ નહિ વાગે... પુલ દુર્ઘટના બાદ ઉમેદવારોએ નિર્ણય લીધો

મોરબી, મોરબી માળિયા વિધાનસભા બેઠક માટે આવતીકાલે મતગણતરી થવાની છે, જોકે મત ગણતરી બાદ પરિણામ ભાજપ કે કોંગ્રેસ તરફી આવશે તે નિશ્ચિત છે, પણ જે પરિણામ હોય તે બંને પક્ષના ઉમેદવારો દ્વારા તેમના આગેવાનો, કાર્યકરો અને હોદ્દેદારોને મોરબીના ઝુલતા પુલની દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને બેન્ડવાજા અને આતિશબાજી ન કરવા માટે થઈને અપીલ કરવામાં આવી છે.

મોરબી જિલ્લામાં વિધાનસભાની ત્રણ બેઠકોનો સમાવેશ થાય છે. જે પૈકીની મોરબી માળિયા વિધાનસભા બેઠકના વિસ્તારમાં સવા મહિના પહેલા ઝુલતો પુલ તૂટી પડવાની દુર્ઘટના બની હતી અને તેમાં ૧૩૫ નિર્દોષ લોકોના મૃત્યુ નિપજયા હતા અને તે માહોલની વચ્ચે ચૂંટણી યોજાઈ હતી. જેમાં પણ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો દ્વારા પોતાના ચૂંટણી પ્રચારમાં ઘણો સયંમ રાખવામાં આવ્યો હતો. જોકે આવતીકાલે મોરબી નજીકના મહેન્દ્રનગર ગામ પાસે આવેલ પોલીટેકનિક કોલેજ ખાતે મત ગણતરી થવાની છે. ત્યારે મતગણતરી બાદ ભાજપ કે કોંગ્રેસ જે કોઈ તરફે ચૂંટણીનું પરિણામ આવે ત્યારે ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર કાંતિભાઈ અમૃતિયા અને કોંગ્રેસના ઉમેદવાર જયંતીભાઈ પટેલ દ્વારા તેમના આગેવાનો હોદ્દેદારોને ટેકેદારોને જુલતાપુલની દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને શાંતિપૂર્ણ રીતે વિજય સરઘસ કાઢવા માટે કહેવામાં આવ્યું છે.

સંજેલીના મોટા કાળિયા તળાવમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો

સંજેલી, મોટા કાળિયાના કાળિયા હિલ સિંચાઈ તળાવમાંથી ત્રણ દિવસથી લાપતા તારમી ગામની મહિલાની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. દિકરી પ્રેમ સંબંધમાં નાસી ગયા બાદ તેનો કોઈ જ નિકાલ નહિ આવતા માનસિક તાણમાં રહેતી માતાએ આ અવિચારી પગલુ ભર્યુ હોવાનુ પતિએ પોલીસમાં જણાવ્યુ હતુ.

તારમી ગામમાં રહેતી રકનભાઈ પરમારની ૧૦માં ધોરણમાં અભ્યાસ કરતી દિકરી સીમલખેડી ગામના યુવક સાથે ભાગી ગઈ હતી. જેનુ પંચરાહે નિકાલ કે સમાધાન થયુ ન હતુ તેના કારણે માતા મીનાબેન માનસિક તાણમાં રહેતી હતી. મોટા કાળિયા ગામના તળાવમાંથી મળી આવેલી અજાણી મહિલાની લાશ મીનાબેનની હોવાનુ સામે આવ્યુ હતુ. પતિ રકનભાઈએ પોલીસને જણાવ્યુ હતુ કે, ત્રીજી તારીખ રકનભાઈ કામે ગયા હોઈ પત્નિ મીનાબેન ઘરેથી કહ્યા વગર નીકળી ગયા હતા ત્યારબાદ તપાસ છતાં તેઓ મળી આવ્યા ન હતા. છઠ્ઠી તારીખે અજાણી મહિલાની લાશ મળી હોવાનો બનેવીનો ફોન આવતા તપાસમાં તે મીના હોવાનુ જણાવ્યુ હતુ. આ ઘટના અંગે પોલીસે અકસ્માતે મોત અન્વયે ગુનો નોંધાયો હતો.

ઘોઘંબા-પાવાગઢ રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકે બાઈક ચાલકને અડફેટમાં લેતા ગંભીર ઈજાઓ

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના ઘોઘંબા–પાવાગઢ તરફ જતાં માર્ગ ઉપર અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક ચાલકને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબાના પાવાગઢ તરફ જતાં માર્ગ ઉપર અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હકારી લાવી ભરતસિંહ અભેસિંહ બારીયા (રહે. સુરત સલામતપુરા, પોલીસ લાઈન)ને બાઈકને પાછળ થી ટક્કર મારતાં બાઈક સાથે રોડ સાઈડમાં ફેંકાઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે હાલોલ સી.એચ.સી. અને ત્યાં વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાંથી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

આપની આજ.....

મેષ : તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.

વૃષભ : લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.

મિથુન : આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.

કર્ક : તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.

સિંહ : આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. પરંતુ, ધ્યાનમાં રાખો કે જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.

કન્યા : સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.

તુલા : તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો. પરંતુ ભૂતકાળના અનુભવોથી શીખો.

વૃશ્ચિક : આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો. આજે તમારે તમારા વિશે વધુ વિચાર કરવો પડશે. કાર્યકારી સ્થિતિ અનુકૂળ બની રહી છે.

ધનુ : આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

મકર : તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો. જોકે આજે વિદ્યાર્થીઓના અભ્યાસમાં થોડી મુશ્કેલીઓ આવી શકે છે. અચાનક પૈસા ખર્ચવાનો હેતુ પણ સામે આવી શકે છે.

કુંભ : આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

મીન : આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો. જો કે તમારી દૈનિક પ્રવૃત્તિઓમાં થોડી અડચણ આવી શકે છે. તમારે આજે વધુ મહેનત કરવી પડશે.

સંસ્કારી નગરીના સંસ્કારોમાં ડ્રગ્સ ભળ્યું

બીજું ૧૦૦ કિલો ડ્રગ્સ પકડાયું, એટલું સ્ટ્રોંગ હતું કે પોલીસની આંખો પણ બળવા લાગી

વડોદરા, સંસ્કારી નગરી તરીકેની ઓળખ ધરાવતી વડોદરામાં હવે ડ્રગ્સના સંસ્કારો ભળ્યાં છે. વડોદરા હવે ડ્રગ્સ બનાવવાનું મોટું હબ બન્યું છે. સિંધરોટ ગામે પકડાયેલી ડ્રગ્સ ફેક્ટરી અંગે મોટો ખુલાસો થયો છે. એટીએસ એ સયાજીગંજમાંથી ડ્રગ્સ બીજી લેબોરેટરી ઝડપી પાડી છે. જેમાંથી ૨ ડ્રમ્સમાં ભરેલું ૧૦૦ કિલો જેટલું ડ્રગ્સ પકડાયુ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરાના સયાજીગંજના પાયલ કોમ્પ્લેક્સ ચાલતો ડ્રગ્સનો કારોબાર પકડાયો છે. સયાજીગંજના ડ્રગ્સનું કનેક્શન સિંધરોટ ફેક્ટરી સાથે છે. શેર બ્રોકિંગની ઓફિસમાંથી ડ્રગ્સના બેરલ પકડાયા હતા. પાયલ કોમ્પ્લેક્સના બિલ્ડીંગના અલગ અલગ ત્રણ માળે આ ડ્રગ્સનો કારોબાર ખુલ્લેઆમ ચાલતો હતો. એક માળ પર મિની લેબોરેટરી ધમધમતી હતી, તો અન્ય બે માળની ઓફિસમાં રો મટીરિયલ અને તૈયાર ડ્રગ્સ રખાતું હતું. પોલીસની તપાસમાં જાણવા મળ્યું કે, સંચાલકોએ સયાજીગંજ બાદ સિંધરોટ ગામમાં ફેક્ટરી શરૂ કરી હતી. તાજેતરમાં જ સયાજીગંજ વિસ્તારમાંથી ૧૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું હતું. ત્યારે આરોપીઓના રિમાન્ડ દરમિયાન એટીએસને વધુ ડ્રગ્સ પકડવામાં મોટી સફળતા મળી છે.

સિંધરોટ ખાતેથી પકડાયેલા ૫૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં આરોપીને સાથે રાખી એટીએસ દ્વારા સયાજીગંજ વિસ્તારના પાયલ કોમ્પ્લેક્સમાં સર્ચ કરવામાં આવ્યું હતું.જેમાં બે ડ્રમમાંથી ડ્રગ્સ મળી આવ્યું હતું. પાયલ કોમ્પલેક્ષમાંથી મળી આવેલ કેમિકલ સ્ટ્રોંગ હોવાના કારણે તપાસ કરતા અધિકારીઓને પણ આંખ અને નાકમાં બળતરા થયા હતા.

સિંધરોટ ખાતેથી પકડાયેલા ૫૦૦ કરોડના ડ્રગ્સની તપાસ અંગે આરોપીએ બતાવેલા સ્થળોએ એ.ટી.એસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. મુખ્ય આરોપીને લઈ એટીએસ સયાજીગંજ વિસ્તારના પાયલ કોમ્પલેક્સ ખાતે પહોંચી હતી. જ્યાં છેલ્લા ૧૦ વર્ષથી બંધ સ્ટોક માર્કેટની ઓફિસમાં વેપલો ચાલતો હોવાનું જાણવા મળ્યું હતું. પાયલ કોમ્પલેક્ષ ખાતેથી પણ મોટી માત્રામાં શંકાશીલ કેમિકલ મળી આવ્યું હતું. એફએસએલ સ્થાનિક પોલીસની ટીમ સાથે રાખી તપાસ કરવામાં આવી હતી. તપાસમાં પ્લાસ્ટિકના ૨ ડ્રમમાં ડ્રગ્સ મળી આવ્યુ હુતં. તો ૨ દિવસ પહેલા પણ સુભાનપુરા વિસ્તારમાં કચરાપેટીમાંથી ૮ કરોડનું ડ્રગ્સ મળી આવ્યું હતું. આરોપીએ બતાવેલી જગ્યાએ એ.ટી.એસ પહોંચતા કચરા પેટીમાં ડ્રગ્સ ફેંકી દેવાયું હતું. હાલ એ.ટી.એસના ૧૨ થી વધુ અધિકારીઓ આરોપીને સઘન તપાસ કરવામાં આવી રહી છે. તે જ પ્રકારે એટીએસની ટીમ આરોપીને સાથે રાખી સ્ટોક માર્કેટની ઓફિસમાં રેડ કરતા બે બેરલ (કારબા) શંકાશીલ કેમિકલ ats દ્વારા ઝડપી પાડવામાં આવ્યું હતું.

વડોદરા શહેર ધીમે ધીમે એમડી ડ્રગ્સ બનાવવાનો હબ બની રહ્યું છે જે પ્રકારે સાવલીના મોકસી ગામેથી પણ મોટી માત્રામાં એમડી ડ્રગ્સ બનાવવાનું ફેક્ટરી તેમજ એમડી ડ્રગ્સ અને કેમિકલ એટીએસ દ્વારા રેડ કરીને પકડી પાડવામાં આવી હતી. ત્યારબાદ સિંધરોટના સીમમાં ગોડાઉનમાં ઘાસચારો મૂકવાના નામે એમડી ડ્રગ્સ બનાવતી ફેક્ટરી પકડી પાડવામાં આવી છે. જેમાં ૫૦૦ કરોડથી પણ વધુ મુદ્દા માલ એટીએસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે સિંધરોટમાં પકડાયેલ એમડી ડ્રગ્સના મામલે આરોપીઓને સાથે રાખી તપાસ કરતા સયાજીગંજ વિસ્તારમાં આવેલ પાયલ કોમ્પલેક્સના બંધ સ્ટોક માર્કેટના ગોડાઉન પહોંચ્યો હતો. ગોડાઉનમાંથી બે પેરલ કેમિકલ ભરેલ કારબા મળી આવ્યા હતા, જેને લઈને તપાસમાં વધુ કેમિકલ મળવાની આશંકા સેવાઈ રહી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

દાહોદ જીલ્લા વિધાનસભા ચુંટણી મત ગણતરીને લઈ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

દાહોદ,

દાહોદ જિલ્લાની કુલ ૦૬ વિધાનસભા બેઠકોનું પરિણામ તારીખ ૦૮મી ડિસેમ્બરના રોજ જાહેર થનાર છે. ત્યારે દાહોદ જિલ્લાના મુખ્ય મથક દાહોદમાં પોલીટેકનીક કોલેજ ખાતે મત ગણતરી યોજાનાર છે. દાહોદ પોલીટેકનીકલ કોલેજ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. સ્ટ્રોંગ રૂમ તરફ પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે.

દાહોદ જિલ્લાની કુલ ૦૬ વિધાનસભા બેઠકોનું મતદાન પુર્ણ થઈ ગયું છે. ત્યારે ૮મી ડિસેમ્બરના રોજ સમગ્ર ગુજરાતની વિધાનસભા બેઠકોનું પરિણામ જાહેર થનાર છે અને તેની સાથે સાથે દાહોદ જિલ્લાની બેઠકોનું પણ પરિણામ જાહેર થનાર છે. તમામ ઉમેદવારોનું ભાવિ ઈવીએમ મશીનમાં સીલ થઈ ગયું છે. જિલ્લાના તમામ પક્ષોના ઉમેદવારો દ્વારા પોત પોતાની જીતના દાવાઓ પણ કરી રહ્યાં છે. આવતીકાલે પરિણામ જાહેર થશે, ત્યારે કોણ બાજી મારશે તે જોવાનું રહ્યું ત્યારે દાહોદ જિલ્લામાં કોઈ અનીચ્છીય બનાવ ન બને તે માટે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લામાં સઘન કામગીરી પણ હાથ ધરવામાં આવી છે અને ખાસ કરીને દાહોદની પોલીટેકનીક કોલેજ ખાતે પોલીસ દ્વારા નજર રાખવામાં આવી રહી છે. મતગણતરી સ્થળ પર ઉચ્ચ અધિકારીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, ચુંટણી પંચના કર્મચારીઓ વિગેરે પણ ઉપસ્થિત રહેનાર છે. દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતગણતરીની તમામ તૈયારીઓને આખરી ઓપ પણ આપી દેવામાં આવ્યો છે. મતગણતરી સ્થળ પર કેટલાંક પ્રતિબંધિત નિર્દેશો પણ તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યાં છે. ત્યારે ૦૮મી તારીખે કોનું કિસ્મત જાગશે અને કોનું કિસ્મત ભોય તળીયે સરકી જશે તે જોવાનું રહ્યું.

દાહોદ પોલીટેકનિકલ કોલેજ ઈવીએમ સ્ટ્રોંગ રૂમ બહાર નંબર વગર ગાડીના આંટા ફેરા માહિતી મળતા પોલીસ દોડી આવી

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદની પોલીટેકનીક કોલેજ ખાતે ઈવીએમ સ્ટ્રોંગ રૂમની બહાર વગર નંબરની ગાડીઓના આટા ફેરાની માહિતી મળતા આપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ પોલિટેકનિક કોલેજ ખાતે દોડી આવ્યા હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો પણ દોડી આવ્યો હતો.

ગુજરાત વિધાનસભા ૨૦૨૨નું ઈલેકશન છે તે પતી ગયું છે. ૮મીએ પરિણામો જાહેર થશે ત્યારે મતદારોએ ઉમેદવારોના ભાવિ છે, તે ઈવીએમ મશીનમાં સીલ કરી દીધા છે અને ઈવીએમ મશીનોને સ્ટ્રોંગ રૂમ ખાતે મૂકવામાં આવ્યા છે અને સાથે જ પોલીસ તેમજ સુરક્ષા દળોના ચુસ્ત પહેરાની વચ્ચે એવીએમ મશીનોને રાખવામાં આવ્યા છે અને આજે રાત્રિના સમયે કોંગ્રેસના અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને એક મેસેજ વાયરલ થયો હતો. જે મેસેજમાં એ લોકોના જણાવ્યા અનુસાર સ્ટ્રોંગ રૂમની અંદર વગર નંબરની ગાડીઓ અને વધુ લોકોની અવરજવર કરતા હોવાની માહિતી મળતા કોંગ્રેસ અને આપના કાર્યકર્તાઓ પોલિટેકનિક કોલેજ ખાતે દોડી આવ્યા હતા અને જણાવ્યું હતું કે, ઈવીએમમાં ચેડા થાય તેવી સંભાવનાઓ તેમને લાગી હતી. વાઈફાઈ કનેક્ટિવિટી ના કારણે પણ ચેડા થઈ શકે છે. સ્ટ્રોંગ રૂમમાં જઈને પણ એવીએમ મશીન સાથે જ ચેડા કરી શકે તેવી માહિતીના આધારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ઈવીએમ સ્ટ્રોંગ રૂમની બહાર પહેરો નાખીને બેઠા છે. જોકે, માનવામાં આવે એ ખોટી અફવાએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને દિવસ રાત ચોકીદારી કરવાનો મોકો આપ્યો છે. ત્યારે તેના સંદર્ભમાં હાજર પોલીસે તેમને જણાવ્યું હતું કે, પોલિટેકનિક કોલેજ ખાતે અભ્યાસ કરતા એન્જિનિયરિંગ કોલેજના છોકરાઓ છે અને તેઓ લોકોની અવરજવરના કારણે આવી ખોટી માહિતી વાયરલ થઈ છે. ત્યારે તેવી ખોટી માહિતીના કારણે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને ઈવીએમ મશીનના સ્ટ્રોંગ રૂમની બહાર પહેરો નાખી અને ચોકીદારી કરવાનો મોકો મળ્યો છે. ત્યારે હાજર પોલીસે પણ વિનંતી કરી છે કે આવી ખોટી અફવાઓથી દૂર રહેવું જોઈએ તેવી અપીલ પોલીસ દ્વારા પણ કરવામાં આવી છે.

દાહોદ શહેરમાં મતદાન અંગેની જનજાગૃતિનો ફિયાસ્કો : અડધા દાહોદવાસીઓ મત ના નાખ્યો

દાહોદના પરેલમાં સૌથી ઓછું ૩૨.૭૫ ટકા મતદાન, દાહોદ શહેરનું ફાઈનલ આકડું ૪૯.૧૨ ટકા

દાહોદ,

ગુજરાત વિધાનસભાની બીજા અને અંતિમ તબક્કાની ચૂંટણી ગઈકાલે સંપન્ન થવા પામી છે. ત્યારે દાહોદ જિલ્લાની છ વિધાનસભા બેઠકો પર મતદાનનો ફાઈનલ આંકડો ૬૦.૦૧ પર થવા પામ્યો છે. જોકે, ખાસ કરીને દાહોદ વિધાનસભા બેઠકમાં સમાવિષ્ટ દાહોદ શહેરમાં ખૂબ જ નિરાશાજનક કહી શકાય તેવું ૪૯.૧૨ જેટલો મતદાન નોંધાયું છે. વહીવટી તંત્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા લોકશાહીના પર્વ અંતર્ગત ભારે મતદાન કરવાની જાહેરાતો અપીલો તેમજ જન જાગૃતિના કરેલ કાર્યક્રમનો દાહોદ શહેરમાં ફિયાસ્કો થયો હતો. તેમ દાહોદ શહેરની કુલ મતદારો પૈકી અડધા મતદારો લોકશાહીના પર્વથી અળગા રહ્યા હતા. વર્કિંગ દિવસમાં ભરેલા મતદાનના કારણે અથવા અને કોઈ કારણ કહો પરંતુ દાહોદ શહેરના કુલ મતદારો પૈકી અડધા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ જ કર્યો નહોતો.

દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ૬ વિધાનસભા બેઠકો પર ગઈકાલે મતદાન યોજાયું હતું. મતદાનના શરૂઆતથી દોરમાં મતદાન ખૂબ જ ધીમું ચાલી રહ્યું હતું. પરંતુ જેમ જેમ દિવસ ઉગતો ગયો તેમ તેમ મતદાન મથકો પર મતદાન માટે લાઈનો લાગેલી જોવા મળી હતી. એક સમયે એવું લાગતું હતું કે, દાહોદમાં આ વખતે બમ્પર વોટિંગ થશે પરંતુ મતદાનના ચોકાવનારા મતદાનના ફાઈનલ આંકડા બહાર આવ્યા છે. જેમાં ફતેપુરામાં ૫૪.૦૦ ટકા, ઝાલોદમાં ૫૮.૮૬, લીમખેડામાં ૬૭.૦૧, દાહોદમાં ૫૯.૪૬ ગરબાડા ૫૦.૧૫ તેમજ દેવગઢ બારીયામાં ૭૨.૭૬ ટકા મતદાન નોંધાયું છે. આંકડાકીય માહિતી પ્રમાણે ગત વિધાનસભા ની પેટર્ન મુજબ ગરબાડા બેઠક પર સૌથી ઓછું ૫૦.૧૫ ટકા મતદાન નોંધાયું હતું. અત્રે ઉલ્લેખની છે કે દાહોદ જિલ્લામાં સ્થાનિક વહીવટી તંત્ર, તેમજ ચૂંટણી પંચ દ્વારા મતદાન અંગે જન જાગૃતિ માટેના અનેકવિધ કાર્યક્રમો, મતદાન કરવા અંગે અપીલ કર્યા છતાંય મતદાન અંગે જનજાગૃતિના કાર્યક્રમનો ફિયાસ્કો થયો હોય તેમ મતદાન પ્રત્યે દાહોદ શહેરવાસીઓ નીરસ દેખાયા હતા. મતદાનની ટકાવારીની વાત કરીએ તો વોર્ડ-૧-૪૮.૪૧%, વોર્ડ-૨-૫૫.૬૫%, વોર્ડ-૩-૫૪%, વોર્ડ-૪-૫૪.૪૯, વોર્ડ-૫-૪૯.૦૭%, વોર્ડ-૬-૬૧.૨૪%, વોર્ડ-૭-૫૩.૧૮ %, વોર્ડ-૮-૪૦%, વોર્ડ-૯-૫૭.૪૦%, પરેલ-૩૨.૭૫% મળી દાહોદ શહેરનું કુલ મતદાન ૪૯.૧૨ % ટકા નોંધાયું હતું. મતદાનના આંકડા જ બતાવે છે કે દાહોદ શહેરના અડધા મતદારોએ પોતાના માતાધિકારનો ઉપયોગ જ નહોતો કર્યો હતો.

ઝાલોદ બસસ્ટેશન વિસ્તારમાં ડિવાઈડર રોડનું કામ મંથર ગતિ થી ચાલતા જાહેર જનતામાં જોવાતો આક્રોશ

તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ બસ સ્ટેશન વિસ્તારમાં તૂટેલા રોડને બનાવવાની કામગીરી ચાલી રહી છે. જવાબદાર તંત્ર દ્વારા રોડ બનાવવા માટે કામ ચાલુ કરાયું ત્યારે લોકો ખૂબ ખુશ જોવાતા હતા કે નગરને એક સારો રોડ ટૂંક સમયમાં મળી જશે , પરંતુ રોડનુ કામકાજ ખૂબ જ મંથર ગતિએ ચાલતા જવાબદાર તંત્ર પર જનઆક્રોશ વધતો જોવા મળી રહ્યો છે. રોડના કામકાજને આસરે બે મહિના ઉપરાંત થવા છતાંય રોડની આજુબાજુ ના વ્યાપારીઓ તેમજ રાહગીરને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે.

બસસ્ટેશન વિસ્તારનો રોડ ડિવાઈડર વાળો બનાવી રહ્યા છે, તેથી એક બાજુ ના રસ્તેજ આવવા જવાનું થાય છે. જે રસ્તે થી આવવા જવાનું થાય છે, તે રસ્તો જવાબદાર તંત્ર દ્વારા લેવલ કરવામાં આવેલ નથી. આખો રસ્તો તૂટેલો અને બિસ્માર છે. અહીંયાથી નીકળતા વાહનો હાલાક ડોલક રીતે ચાલે છે. જેથી ઘણીવાર નાના વાહનો વાળા પડી પણ જાય છે. આ વિસ્તારમાં મોટી મોટી હોસ્પિટલો હોવાથી અવર જવર વધુ રહે છે, તેમજ નગરમાંથી દાહોદ તરફ જવા માટે આ એક માત્ર રોડ હોવાથી લોકોને ખૂબ જ તકલીફનો સામનો કરવો પડે છે.

આ વિસ્તારમાંથી વાહનોની અવરજવર વધુ હોવાથી ઘણી વાર ટ્રાફિક જામનાં દ્રશ્યો સર્જાય છે. જેથી નાની મોટી બોલા ચાલી જેવી ઘટનાઓ પણ અહીંયાં બનતી જોવા મળે છે. જવાબદાર તંત્ર દ્વારા કામગીરી મંથર ગતિએ ચાલતા નગરના સહુ કોઈમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે. નગરનો મુખ્ય રોડ હોવાથી આવતા જતા સહુ કોઈને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

નગરના સહુ કોઈ જવાબદાર તંત્ર પાસે રોડની કામગીરી ઝડપથી થાય તે ઈચ્છી રહ્યાં છે. જવાબદાર કોન્ટ્રાક્ટર જો બરાબર કામગીરી ન કરી શકતો હોય તો બીજા કોન્ટ્રાક્ટર ને કામગીરી સોપી રોડનું કામ ઝડપી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

સુખસર બસ સ્ટેન્ડ વિસ્તારમાં રાત્રિના સમયે બે કરિયાણાની દુકાનને તસ્કરોએ નિશાન બનાવી ૩ લાખની મત્તાની ચોરી કરી

દાહોદ,

ફતેપુરા તાલુકાના સુખસર બસ સ્ટેશન વિસ્તાર હાઈવે માર્ગ ઉપર ૨૪ કલાક અવર જવર કરતા વાહનોથી ધમધમતા રહેતા વિસ્તારમાં રાત્રિના બે કરિયાણાની દુકાનોમાં ત્રણ જેટલા જાણભેદુ તસ્કરો દ્વારા સવા ત્રણ લાખ રૂપિયાની માલમત્તાની ચોરી કરી પલાયન થઈ જવા પામેલ હોવાનુ જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બસ સ્ટેશન ચોકડી પાસે કરિયાણાની દુકાન ધરાવતા હિરાલાલ મોતીલાલ કલાલ પોતાની દુકાનને તાળા મારી રહેણાંક મકાન ઉપર ગયા હતા. ત્યારબાદ રાત્રિના સમયે કોઈ જાણભેદુ તસ્કરોએ દુકાનના ધાબા ઉપર આવેલ લોખંડના દરવાજાને નીચેથી વાળી દઈ તસ્કરો દુકાનમાં પ્રવેશ્યા હતા. અને દુકાનમાંથી રૂ.૩૬૦૦/-નુ પરચુરણ તથા રૂ.૩૨૦૦/-ની ચલણી નોટો સહિત રૂ.૨૦,૫૦૦/-ની ચોરી કરી સી.સી.ટી.વી.કેમેરાની તોડફોટ કરી કુલ રૂ.૪૦,૫૦૦/-નુ નુકસાન પહોંચાડ્યુ હતુ. જ્યારે બાજુમાં રહેતા નગીનભાઈ દિપચંદભાઈ કલાલનાઓ પણ કરિયાણાની દુકાન ધરાવે છે જેઓ પણ પોતાની દુકાનને તાળુ મારી પોતાના રહેણાંક મકાન ઉપર ગયા બાદ જાણભેદુ તસ્કરોએ દુકાનના ધાબા ઉપર ઉજાસ માટે રાખેલ લોખંડની જાળી તોડી હતી. અને દુકાનમાં પ્રવેશી કરિયાણાની ચીજવસ્તુઓ સહિત પરચુરણ મળી કુલ રૂ.૨,૫૬,૨૦૦/-ના સામાનનો ચોરી કરી રૂ.૨૮,૦૦૦/-ના સી.સી.ટી.વી.કેમેરાની તોડફોડ કરી કુલ રૂ.૨,૮૪,૨૦૦/-નુ નુકસાન પહોંચાડી જાણભેદુ તસ્કરો પાછળની બાજુએથી ફરાર થઈ ગયા હતા.

ઝાલોદના સીમલખેડી ગામેથી જીવિત હાલતમાં નવજાત બાળકી મળી આવતાં જનેતાની શોધખોળ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સીમલખેડી ગામેથી એક જીવીત હાલતમાં નવજાત બાળક મળી આવતાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી જનેતાની શોધખોળ હાથ ધરી છે.

આજરોજ સીમલખેડી ગામેથી મંદિરની આગળ કોઈ અજાણી મહિલા દ્વારા પોતાનું પાપ છુપાવવા માટે મંદિરની બહાર જીવીત હાલતમાં નવજાત બાળક મુકી નાસી ગઈ હતી. અહીંથી પસાર થતાં લોકોને બાળકનો રડવાનો અવાજ સંભળાતાં સ્થાનીક લોકો મંદિર તરફ દોડી આવ્યાં હતાં અને આ મામલે સ્થાનીક પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે નવજાત બાળકને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડી નવજાત બાળકને મુકી ફરાર થઈ ગયેલ અજાણી માતા વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

દાહોદ જીલ્લામાં વિધાનસભા ચુંટણી મત ગણતરીને ધ્યાને લઈ નાસતા-ફરતા આરોપી વિરૂદ્ધ કાર્યવાહી કરાઈ

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં રાખી દાહોદ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લામાં સઘન કામગીરી કરી રહી છે. ત્યારે આગામી તારીખ ૦૮મી ડિસેમ્બરના રોજ વિધાનસભાની ચુંટણીના પરિણામ જાહેર થનાર છે. ત્યારે જિલ્લામાં કોઈ અનીચ્છીય બનાવ ન બને તેની તકેદારી રાખી જિલ્લામાંથી પોલીસે પ્રોહીબીશનના ગુન્હાઓમાં, અટકાયતી પગલા, નાસતા ફરતા આરોપીઓ, વોન્ટેડ આરોપીઓ, હથિયારો જમા કરવા વિગેરે જેવી કાર્યવાહી કરવામાં આવી છે.

દાહોદ જિલ્લાની વિધાનસભા ચુંટણીનું મતદાન શાંતીમય અને સુરક્ષા સહિત યોજાય તે માટે ઉપર મુજબનો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલ હતો. જેના લીધે દાહોદ જીલ્લામાં ભુતકાળમાં ચુંટણીમાં ઘણા બનાવો બનતા હતા. જેની સરખામણીએ આ વખતે ફક્ત ૦૧ ચુંટણી સબંધી ગુનો નોંધાયેલ છે. તે સિવાય જીલ્લામાં કોઈ ગુનાઓ નોંધાયેલ નથી. ચુંટણી પ્રક્રીયા શાંતીમય પૂર્ણ થયેલ છે. ચુંટણી અગાઉ પ્રજામાં વિશ્વાસ અને સલામતીનું વાતાવરણ પેદા થાય તે માટે જીલ્લાના સંવેદનશીલ તથા તમામ વિસ્તારોમાં એરીયા ડોમીનેશન/ ફ્લેગ માર્ચ કરી ચુંટણી શાંતીપૂર્ણ રીતે યોજાય તે માટે દાહોદ જીલ્લા પોલીસ ધ્વારા ઈન્ટર સ્ટેટ બોર્ડર ચેક પોસ્ટ તથા ઈન્ટ્રા ડીસ્ટ્રીક ચેક પોસ્ટો સતત ચાલુ રાખી વાહનચેકીંગ તથા અસામાજીક પ્રવૃતી ઉપર નિયંત્રણ માટે સતત કાર્યરત રહેલ છે. દાહોદ જીલ્લો મધ્યપ્રદેશ અને રાજસ્થાનની બોર્ડરનો જીલ્લો હોય બોર્ડરના જીલ્લા અલીરાજપુર,ઝાબુઆ (મધ્યપ્રદેશ) તથા બાંસવાડા (રાજસ્થાન)ના અધિકારી ઓ સાથે અવાર નવાર બોર્ડર મીટીંગો યોજી સંકલન કરી બોર્ડર નજીકના ગામોના હથિયાર પરવાનેદારનાઓના હથિયારો પણ જમાં લેવડાવવામાં આવેલ છે, ઉપરાંત અસામાજીક તત્વો તથા ગેરકાયદેસર પ્રવૃતી કરતા ઈસમો ઉપર કેસો તથા અટકાયતી પગલા લેવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

પ્રોહીબીશનમાં જેમાં ગેરકાયદેસર પ્રોહીબીશનના કુલ કેસો- ૫૨૬, જેમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂના કેસો- ૧૪૧, જેમાં બોટલો નંગ- ૩૪૨૮૨, કી.રૂ.૪૦,૪૩,૫૭૬/- અને ગુનાના કામે વપરાયેલ વાહન અને મોબાઈલ ફોનની કી.રૂ.૮,૨૬,૬૨૦/- તથા દેશી દારૂના કુલ- ૩૮૨, કેસો , ૧૬૦૪ લીટર જેની કીં.રૂા.૩૨,૦૮૦/-નો દેશી પ્રોહી મુદ્દામાલ પકડી પાડેલ.જેમાં કુલ પ્રોહી મુદ્દામાલ કી.રૂ.૪૯,૦૨,૨૭૬/- નો મુદ્દામાલ જપ્ત કરેલ છે.

જીલ્લામાં લાંબા સમયથી પેન્ડીંગ-૯૫૯ બિનજામીનલાયક વોરંટવાળા ઈસમો ની બજવણી કરવામાં આવેલ છે. જીલ્લામાં લીધેલ હેડ વાઈઝ અટકાયતી પગલામાં સી.આર.પી.સી-૧૦૭ હેઠળ કુલ-૨૫૬૮ ઈસમો વિરૂદ્ધ અટકાયતી પગલા લીધેલ છે અને સી.આર.પી.સી-૧૫૧ હેઠળ કુલ-૨૨૮૦ અટકાયતી પગલા લીધેલ છે તથા સી.આર.પી.સી-૧૦૯ હેઠળ કુલ-૨૩૫ અટકાયતી પગલા લીધેલ છે તથા સી.આર.પી.સી-૧૧૦ હેઠળ કુલ-૫૬૧૯ અટકાયતી પગલા લીધેલ છે તથા ૨૫-તડીપાર અને પ્રોહી-૯૩ ના હેડ હેઠળ કુલ- ૧૫૨૭ મળી કુલ- ૧૨૨૮૨ અટકાયતી પગલા લીધેલ છે. જીલ્લામાં લાયસન્શ ધરાવતા હથિયારપરવાનેદારોના કુલ- ૪૦૩૭ ના હથિયારો જમાં લેવામાં આવેલ છે. જીલ્લાના/ રાજ્ય બહારના ઘણા સમયથી નાસતા ફરતા કુલ-૪૦ આરોપીઓને ઝડપી પાડી સારી કામગીરી કરેલ છે. આવા અસામાજીક તત્વો વિરૂદ્ધ અસરકારક અટકાયતી પગલા લેવાની સારી કામગીરી દાહોદ જીલ્લા પોલીસે કરેલ છે. ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૨૨ અન્વયે દાહોદ જીલ્લાના સરહદે આવેલ રાજસ્થાન રાજ્યના બાંસવાડા જીલ્લામાં તથા મધ્યપ્રદેશ રાજ્યના ઝાબુઆ અને અલીરાજપુર જીલ્લાના અધિકારીઓ સાથે સંકલન કરી નીચે મુજબની કામગીરી કરી/ કરાવેલ છે. પ્રોહીબીશનના કેસો- ૧૧૪, કી.રૂ.૧૬,૯૬,૫૦૦/-, ગેરકાયદેસર હથિયારધારા-૦૪, કુલ અટકાયતી પગલા-૫૬૭, બિનજામીનલાયક વોરંટો-૪૩૬, નાસતા ફરતા આરોપી પકડયા- ૩૦૨ ઝડપી પાડી સારી કામગીરી કરેલ છે. પ્રોહીબીશનના કેસો- ૮૩૭, કી.રૂ.૪૨,૮૦,૦૦૦/-, કુલ અટકાયતી પગલા-૧૯૩૨, બિનજામીનલાયક વોરંટો-૯૮૬, નાર્કોટીકસ એકટના-૦૧, નાસતા ફરતા આરોપી પકડયા- ૯૩ ઝડપી પાડી સારી કામગીરી કરવામાં આવેલ છે.

દાહોદ જીલ્લામાં બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં ચાલકની ગફલતને કારણે જુદી જુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવોમાં બે જણા સ્થળ પર જ કાળનો કોળીયો બન્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં બનેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવો પૈકીનો એક બનાવ સીંગવડ તાલુકાના કટારાની પાલ્લી ગામે ગતરોજ બપોરના ત્રણેક વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક અજાણ્યો વાહન ચાલક તેના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકરી લઈ સામેથી આવી રહેલી લીમખેડાના લુખાવાડા ગામના મુકેશભાઈ બાબુભાઈ હઠીલાની જીજે-૦૭ સીજી-૭૨૨૩ નંબરની સીટી ૧૦૦ મોટર સાયકલને અડફેટમાં લઈ નાસી જતાં મોટર સાયકલ સાથે રોડ પર પટકાયેલા મુકેશભાઈ હઠીલાનને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર મુકેશભાઈ બાબુભાઈ હઠીલાના મોટાભાઈ કાંતીભાઈ બાબુભાઈ હઠીલાએ નોંધાવેલ ફરિયાદને આધારે રંધીકપુર પોલિસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે. જ્યારે જિલ્લામાં ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ ધાનપુર તાલુકાના પીપેરો ગામે ધાનપુરથી લીમખેડા તરફ જતાં રોડ પર ગતરોજ સવારે સાડા આઠ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક અતુલ શકિત છકડાનો ચાલક તેના કબજાનો જીજે-૨૦ ડબલ્યુ-૪૬૭૬નંબરના અતુલ શકિત છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવતા છકડાની વધુ પડતી ઝડપ અને ચાલકની ગફલતને કારણે છકડો પલ્ટી ખાઈ જતાં તેનો ચાલક સમય સુચતાં વાપરી ચાલુ ગાડીમાંથી કુદી નાસી ગયો હતો. જ્યારે છકડામાં બેઠેલ ધાનપુરના પાવ ગામના બચુભાઈ સંગોડને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે છકડામાં બેઠેલ અન્ય પેસેંજરોને પણ શરીરે ઓછી વત્તી ઈજાઓ થવા પામી હતી. આ સંબંધે પાવગામના મરણજનાર બચુભાઈ સંગોડના પુત્ર વિનુભાઈ બચુભાઈ સંગોડે નોંધાવેલ ફરિયાદને આધારે ધાનપુર પોલિસે અતુલ શકિત છકડાના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.91

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

મત ગણતરી સ્થળે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકની ગણતરી છબનપુર એન્જીનિયરીંગ કોલેજ સવારે ૮ વાગે શરૂ કરાશે

ગોધરા, પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકોની મત ગણતરી ગોધરા છબનપુર એન્જીનિયરીંગ કોલેજ ખાતે સવારે-૮.૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. જીલ્લા ચુંટણી તંત્ર દ્વારા તૈયારીઓ પુરી કરવામાં આવી છે. સાથે ચુંટણી પરિણામો સમયે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર આજે ગોધરા છબનપુર એન્જીનિયરીંગ કોલેજ ખાતે સવારે ૮.૦૦ વાગ્યાના સમયે મત ગણતરી હાથ ધરવામાં આવશે. પંચમહાલની કાલોલ વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ફતેસિંહ ચૌહાણ અને કોંગ્રેસના પ્રભાતસિંહ ચૌહાણ વચ્ચે ટકકર રહેશે. હાલોલ વિધાનસભા બેઠક ઉપર ભાજપ ઉમેદવાર જયદ્રથસિંહ પરમાર અને અપક્ષ ઉમેદવાર રામચંદ્ર બારીયા વચ્ચે ટકકર રહેશે. ગોધરા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર સી.કે.રાઉલજી અને કોંગ્રેસના ઉમેદવાર રશ્મિતાબેન ચૌહાણ વચ્ચે ટકકર રહેશે. શહેરા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડ અને કોંગ્રેસના ખાતુ પગી વચ્ચે સીધી ટકકર રહેશે. મોરવા(હ) બેઠક ઉપર ભાજપના નિમિષાબેન સુથાર અને કોંગ્રેસના સ્નેહલતાબેન ખાંટ વચ્ચે ટકકર રહેશે.

ગોધરા છબનપુર એન્જીનિયરીંગ કોલેજ ખાતે યોજાનાર મત ગણતરી માટે ૪૫૦ થી ૫૦૦ કર્મચારીઓ કામગીરી કરશે. જ્યારે આવશ્યક સેવા માટે ૩૦૦ કર્મચારી ફરજ બજાવશે. મતદાન મથકે પહેલા બેલેટ મત ગણતરીની હાથ ધરાશે. શહેરા બેઠક ૨૯૩ બુથ ૧૪ ટેબલ ઉપર ૨૧ રાઉન્ડમાં મત ગણતરી હાથ ધરાશે. મોરવા(હ) બેઠક ૨૫૫ બુથ માટે ૧૪ ટેબલ ઉપર ૧૯ રાઉન્ડની મત ગણતરી કરાશે. ગોધરા બેઠકના ૨૯૯ બુથ ૧૪ ટેલબના ઉપર ૨૨ રાઉન્ડમાં મત ગણતરી હાથ ધરાશે. કાલોલ બેઠક ૩૧૬ બુથ ૧૪ ટેબલ ૨૩ રાઉન્ડ ગણતરી કરાશે. હાલોલ બેઠકના ૩૪૭ બુથની ૧૪ ટેબલ ઉપર ૨૪૫ રાઉન્ડમાં મત ગણતરી પૂર્ણ કરશે.

ગોધરા છબનપુર ખાતે મત ગણતરીના સ્થળે જીલ્લા ચુંટણી તંત્ર દ્વારા પોલીસ સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો.

કેટલા ટેબલ પર મતગણતરી

શહેરા બેઠક ૨૯૩ બુથ ૧૪ ટેબલ	– ૨૧ રાઉન્ડ
મોરવા હડફ ૨૫૫ બુથ ૧૪ ટેબલ	– ૧૯ રાઉન્ડ
ગોધરામાં ૨૯૯ બુથ ૧૪ ટેબલ	– ૨૨ રાઉન્ડ
કાલોલ ૩૧૬ બુથ ૧૪ ટેબલ	– ૨૩ રાઉન્ડ
હાલોલ ૩૪૭ બુથ ૧૪ ટેબલ	– ૨૪ રાઉન્ડ

ચૂંટણીનું પરિણામ શું આવશે તેનું ટેન્શન છોડી ખેતીકામમા જોડાયા ભાજપના ઉમેદવાર ફતેસિંહ ચૌહાણ

કાલોલ, ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ હવે આવતી કાલે પરિણામ જાહેર થવાનું છે. જેને લઈ તમામ રાજકીય પક્ષોના કેટલાય ઉમેદવારો ભારે તણાવ અને ટેન્શનમાં હશે. તો કેટલાક હળવા અંદાજમાં હતા. પરંતુ આજે એક એવા નેતા છે, જે હંમેશા નિજાનંદમાં જ રહે છે. પંચમહાલના ભાજપના ઉમેદવાર ફતેસિંહ ચૌહાણ જમીન સાથે જોડાયેલા એવા નેતા છે, જેમની ટિકિટની જાહેરાત થઈ ત્યારે પણ ખેતરમાં કામ કરી રહ્યા હતા અને આજે પરિણામના આગલા દિવસે પણ ખૂબ જ હળવાશ સાથે ખેતરમાં કામ કરી રહ્યા છે.

પંચમહાલ જિલ્લાની કાલોલ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ફતેસિંહ ચૌહાણ બે વખત જૂની રાજગઢ વિધાનસભામાં ધારાસભ્ય રહ્યા હોવા છતાં ખૂબ સાદું જીવન જીવે છે અને તેમની સાદગી મતદારોને પણ ઘણી પસંદ છે. સાદું જીવન ઉચ્ચ વિચાર તેમનો જીવન મંત્ર છે. પોતે ખેડૂત હોવા સાથે સાથે ભજનિક પણ છે અને ફાયરબ્રાન્ડ હિન્દુત્વવાદી નેતાની છબી ધરાવે છે. સવારે વહેલા ઉઠી નિત્ય ક્રમ મુજબ સૂર્યનારાયણની આરાધના સાથે દિનચર્યાની શરૂઆત અને બાદમાં પૂજા તેમનો નિત્ય ક્રમ છે.

સવારે થોડો સમય પરિવાર સાથે વિતાવી દરરોજ સવારે મળવા આવેલા પોતાના મત વિસ્તારના લોકોને સાંભળે છે. ત્યાર બાદ પોતાના ખેતરમાં જઈ ખેતીના કામે લાગી જાય છે. તેઓ જાતે જ ખેતી અને પશુપાલનનું કાર્ય પણ કરે છે. ફતેસિંહ ચૌહાણનું જીવન એટલી સાદગીથી ભરેલું છે કે આજના હાઈટેક યુગમાં પણ તેઓ સાદો જ મોબાઈલ વાપરે છે. તેમનું સોશિયલ મીડિયા તેમના દીકરાઓ સંભાળે છે.

ફતેસિંહ ભજનિક હોવાથી જ્યારે લાક્ષણિક પોતાની અદામાં અને સુંદર રાગ સાથે આજે પણ તેઓ ભજન લલકારે છે, ત્યારે બે ઘડી સાંભળવાનું મન થાય. વર્ષો પહેલા ફતેસિંહે પોતાના અવાજમાં ભજનનું આલ્બમ પણ બનાવ્યું હતું. પોતાના ધર્મગુરુ બાદ ફતેસિંહ રાજકીય રીતે નરેન્દ્ર મોદીને પોતાના ગુરુ માને છે અને નરેન્દ્ર મોદીએ ફતેસિંહને 'ભગત'નું હુલામણું નામ આપ્યું છે.

આજે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામના આગલા દિવસે પણ પરિણામની ચિંતા વિના ફતેસિંહ પોતાના પરંપરાગત વ્યવસાય એટલે કે ખેતીના કામમાં લાગી ગયા છે. ફતેસિંહ જમીન સાથે જોડાયેલા નેતા છે. ટિકિટની જાહેરાત થઇ અને ભાજપે તેમને ઉમેદવાર જાહેર કર્યા તે વખતે પણ ફતેસિંહ પોતાના ખેતરમાં હતા અને તેમને ઘરના સભ્યો દ્વારા જાણ કરવામાં આવી હતી કે તેમનું નામ ઉમેદવાર તરીકે જાહેર થયું છે. હાલ તેમના ઘરની સ્થિતિ પણ સામાન્ય ખેડૂત જેવી જ છે. ફતેસિંહની સાદગી અન્ય નેતાઓને પ્રેરણા પુરી પાડી શકે તેવી છે.

હાલ પરિણામ પહેલા ફતેસિંહ ચૌહાણે ઝી ૨૪ કલાક સાથે વાત કરી ત્યારે પોતે ૧ લાખ ઉપરાંત ની લીડ સાથે જીતી રહ્યા હોવાનો તેમજ ગુજરાતમાં જંગી બહુમતીથી ભાજપની સરકાર બની રહી હોવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણીનો પંચમહાલ જિલ્લામાં કલેકટર સુજલ મયાત્રાના હસ્તે શુભારંભ

ગોધરા, દેશભરમાં ૦૭ ડિસેમ્બરના રોજ સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે આજરોજ જિલ્લા કલેકટર સુજલ મયાત્રાએ સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણીની શરૂઆત પોતાનું અંગત અનુદાન આપી કરી હતી. અધિક જિલ્લા કલેક્ટર એમ.ડી.ચુડાસમાએ પણ યોગદાન આપી દેશના વીર જવાનો પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે જાહેર જનતાને દેશની સુરક્ષિતતા, અખંડિતતા અને મા ભોમની રક્ષા કાજે પોતાના પ્રાણન્યોછાવર કરનાર વિરલાઓનું ઋણ ચુકવવા અને આ દિનથી શરૂ થનાર સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી સુચારૂ રીતે થાય તે માટે અધિકારીઓ/કર્મચારીઓ, શાળા, કોલેજોના આચાર્યઓ, દાતાઓ, માજી સૈનિકો તથા અન્ય મહાનુભાવોને ઉદાર હાથે પોતાનો ફાળો આપવા કલેકટરએ અપીલ કરી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે, સશસ્ત્ર સેના ધ્વજદિનની શરૂઆત ૦૭ ડિસેમ્બર ૧૯૪૯ના કેન્દ્રીય મંત્રીની રક્ષા સમિતિ દ્વારા યુધ્ધમાં શહીદ થયેલા જવાનોના પરીવારના કલ્યાણાર્થે કરવામાં આવેલ અને ત્યારથી દર વર્ષે તારીખ ૦૭ ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવતા સશસ્ત્ર સેના ધ્વજદિન બાબતે સેવારત સૈનિકો, શહીદ સૈનિકો અને દિવંગત સૈનિકોના પરિવારો પ્રત્યે પોતાની સંવેદના વ્યકત કરવા અને તેઓના પરિવારોના ઉત્કર્ષ અર્થે ભંડોળ એકઠું કરવા જાહેર જનતા, ઔદ્યોગિક એકમો, સરકારી/અર્ધ સરકારી, તથા દાતાઓને તંત્ર દ્વારા અપીલ કરવામાં આવેલ છે. દેશ સેવાની ભાવના પ્રેરીત કરવા શૈક્ષણિક સંસ્થાઓને આ દિવસની ઉજવણી કરવા અપીલ કરી વધુમાં વધુ સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ પેટે મળેલ ફાળાનો ઉપયોગ પૂર્વ સૈનિકો/દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓ તથા શહિદ સૈનિકોના પરિવારજનો/આતોને વિવિધ યોજના હેઠળ સહાય કરવામાં આવશે.

આ માટે કોઈપણ વ્યકિત,સંસ્થા કે સમૂહ ફાળો જમા કરાવવા માટે ચેક અથવા ડ્રાફ્ટ કલેક્ટર અને પ્રમુખ આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ફંડ એકાઉન્ટના નામનો જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,ગોધરા ખાતે જમા કરાવી શકે છે.

પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે ચૂંટણી મતગણતરી કેન્દ્ર ખાતે કોઈપણ પ્રકારના જાહેરનામાનો ભંગ થયેલ નથી

ગોધરા, વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત ૫ ડિસેમ્બરના રોજ પંચમહાલ જિલ્લામાં મતદાન કરવામાં આવ્યું હતું. જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકો પર મતદાન બાદ ઈવીએમ (ઇલેક્ટ્રોનીક વોટિંગ મશીન) ગોધરા (છબનપુર)ની સરકારી ઈજનેરી કોલેજ ખાતે સીલ મારી સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે. કોંગ્રેસના ઉમેદવારના એજન્ટે કોમ્પ્યુટર અને વિડીયો બાબતે લગાવેલ આરોપનો જવાબ આપતા જિલ્લા ચૂંટણી અધિકારી સુજલ મયાત્રાએ જણાવ્યું કે ઓબ્ઝર્વરઓ હાજર હોઈ ચૂંટણીની પ્રક્રિયાના ભાગરૂપે ચૂંટણીના રિપોર્ટ બાબતે કોમ્પ્યુટર લઈ જવામાં આવ્યા હતા. તેમણે જાહેરાનામાનો ઉલ્લેખ કર્યો છે. તે સમયે અને ચૂંટણીના સમયે ઉમેદવારના એજન્ટ ત્યાં હાજર હતા તેમણે પ્રક્રિયાનો ઉપયોગ થતા જોયો છે. જે માત્રને માત્ર ચૂંટણીના રિપોર્ટ માટે કરવામાં આવે છે.

જાહેરનામાના ઉલ્લેખ બાબતે ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, ચૂંટણી પ્રક્રિયામાં રોકાયેલા અધિકારીઓ/કર્મચારીઓને કામગીરી બાબતે જાહેરનામામાં મુક્તિ આપેલ છે, તેનો પણ ઉલ્લેખ જાહેરનામામાં કરવામાં આવ્યો છે. વીડિયો બાબતે કહ્યું કે, તે તૈયારીઓ ચૂંટણીના મત ગણતરી હોલ માટે કરવામાં આવે છે. જેમાં ETPSBની સીસ્ટમ માટે, રાઉન્ડ વાઈઝ ગણતરી માટે, ઓબ્ઝર્વરઓને રિપોર્ટ આપવા માટે, ઓનલાઈન ડેટા એન્ટ્રી માટે કરવામાં આવે છે. આથી આ બાબતે કરેલા આક્ષેપો સદંતર પાયાવિહોણા અને સત્યથી વેગળા છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ બધા જ ઉમેદવારો અને સમગ્ર જનતાને આવા પ્રકારના ખોટા પ્રચારથી તથા સત્યથી દૂર હોય તેવા તથ્યોમાં ન પડવા અનુરોધ કર્યો હતો. જેથી શાંતિપૂર્ણ માહોલમાં આ ચૂંટણી મતગણતરી કરાવી શકાય.

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા રાજગઢ રોડ ઉપર સ્વીફ્ટ કાર અને બાઈક સામસામે અથડાતા બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.

ગોધરાના ચિખોદ્રા ગામે કોઠી સ્ટીલમાં આગ લાગતાં ફાયર ફાયટરો આગ ઉપર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા

ગોધરા, ગોધરાના ચિખોદ્રા ખાતે આવેલ કોઠી સ્ટીલમાં આગ લાગવાની ઘટનાને ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવી આગ ઉપર કાબુ મેળવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

ગોધરાના ચિખોદ્રા ગામે આવેલ કોઠી સ્ટીલ કંપનીના ભંગાર ગોડાઉનમાં ભાગમાં કોઈ કારણોસર આગ લાગી હતી. ભંગાર વિભાગમાં ગોડાઉનમાં આગ લાગતાં જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ લીધું હતું. આગની ઘટનાને લઈ ગોધરા ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવીને આગ ઉપર કાબુ મેળવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. કોડી સ્ટીલમાં આગના બનાવમાં કેટલું નુકશાન થવા પામ્યું છે. તેની કે કોઈ જાનહાનિનો બનાવ બનવા પામ્યો નથી.

શહેરાના બીલીયા કુલા બારીયાના મુવાડા ગામે તું બીજા પક્ષનો કાર્યકર છે તેમ કહી મારમારતાં ફરિયાદ

શહેરા, શહેરા તાલુકાના બીલીયા કુલા બારીયાના મુવાડા ગામે રહેતા ફરિયાદીને આરોપીએ તું બીજા પક્ષનો કાર્યકર છે. તેમ કહી તેના ઘરે જઈને મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના બીલીયા કુલા બારીયાના મુવાડા ગામે રહેતા સોમાભાઈ અર્જુનભાઈ બારીયાને આરોપી ભરતભાઈ મોતીભાઈ બારીયાએ તું બીજા પક્ષનો કાર્યકર છે. તેમ કહી તારા ટાંટીયા ભાગી નાખીશ. તેમ કહી અન્ય ત્રણ ઈસમો સાથે તેમના ઘરે જઈ લાકડી વડે તેમજ ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગહસ્તકની **રોજગાર અને તાલીમ ગાંધીનગરના** તાબા ખાતેની **સરસ્વતી કેળવણી મંડળ નવાગામ ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટ ઈન એઈડ શિવ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર ગદુકપુર, તા. ગોધરા, જી. પંચમહાલ**ખાતેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ – સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો / ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્રતયા કામગીરીની* – " **કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા** " પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓપાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી.પો.એ.ડી. થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧–૦૦ થી ૧૫–૦૦ કલાક વચ્ચે **તા. ૨૩/૧૨/૨૦૨૨** સુધીમાં**શિવઔદ્યોગિક તાલીમ સંસ્થા ગદુકપુર, તા. ગોધરા, જી. પંચમહાલ** કચેરી ખાતેથી અરજી સાથે **આચાર્યશ્રી શિવઔદ્યોગિક તાલીમ સંસ્થા ગદુકપુર,** કચેરીના નામનો **રૂા. ૧૫૦૦/–** નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યાવિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓધ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ **તા. ૧૯/૧૨/૨૦૨૨** ના રોજ ૧૩:૩૦ કલાકે**શિવઔદ્યોગિક તાલીમ સંસ્થા ગદુકપુર** કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુકત અધિકારીને **તા. ૨૮/૧૨/૨૦૨૨** ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગદુકપુર
તારીખ : ૦૭/૧૨/૨૦૨૨

આચાર્ય
શિવ ઔદ્યોગિક તાલીમ સંસ્થા,ગદુકપુર
તા. ગોધરા, જી. પંચમહાલ

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગહસ્તકની **રોજગાર અને તાલીમ ગાંધીનગરના** તાબા ખાતેની **ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર.એચ.પટેલગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર મોરા, તા. મોરવા(હડફ), જી. પંચમહાલ**ખાતેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ – સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો / ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્રતયા કામગીરીની* – " **કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા** " પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓપાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી.પો.એ.ડી. થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧–૦૦ થી ૧૫–૦૦ કલાક વચ્ચે **તા. ૨૩/૧૨/૨૦૨૨** સુધીમાં **આર.એચ.પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા મોરા, તા. મોરવા(હડફ), જી. પંચમહાલ** કચેરી ખાતેથી અરજી સાથે **આચાર્યશ્રી આર.એચ.પટેલઔદ્યોગિક તાલીમ સંસ્થા મોરા** કચેરીના નામનો **રૂા. ૧૫૦૦/–** નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યાવિના રદ કરવાનો અબાધિતઅધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓધ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ **તા. ૧૯/૧૨/૨૦૨૨** ના રોજ ૧૦:૩૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા **મોરા** કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુકત અધિકારીને **તા. ૨૮/૧૨/૨૦૨૨** ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : મોરા
તારીખ : ૦૭/૧૨/૨૦૨૨

આચાર્ય
આર.એચ.પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા
મોરા, તા. મોરવા(હડફ), જી. પંચમહાલ

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગ હસ્તકની **રોજગાર અને તાલીમ ગાંધીનગરના** તાબા ખાતેની **ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા અડાદરા , તા. કાલોલ, જી. પંચમહાલ** ખાતેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ – સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો / ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્રતયા કામગીરીની* – " **કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા** " પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી.પો.એ.ડી. થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧–૦૦ થી ૧૫–૦૦ કલાક વચ્ચે **તા. ૨૬/૧૨/૨૦૨૨** સુધીમાં **ઔદ્યોગિક તાલીમ સંસ્થા અડાદરા , તા. કાલોલ, જી. પંચમહાલ** કચેરી ખાતેથી અરજી સાથે **આચાર્યશ્રી ઔદ્યોગિક તાલીમ સંસ્થા અડાદરા** કચેરીના નામનો **રૂા. ૧૫૦૦/–** નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ ધ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ **તા. ૨૦/૧૨/૨૦૨૨** ના રોજ ૧૩:૦૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા **અડાદરા , તા. કાલોલ, જી. પંચમહાલ** કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુકત અધિકારીને **તા. ૨૯/૧૨/૨૦૨૨** ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : અડાદરા
તારીખ : ૦૭/૧૨/૨૦૨૨

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા અડાદરા
તા. કાલોલ, જી. પંચમહાલ

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગ હસ્તકની **રોજગાર અને તાલીમ ગાંધીનગરના** તાબા ખાતેની **ગ્રાન્ટ ઈન એઈડ ગ્રામ વિકાસ ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા, તા. જાંબુઘોડા, જી. પંચમહાલ** ખાતેની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ – સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો / ટપાલો પહોંચાડવાની સેવા સહિતની સમગ્રતયા કામગીરીની* – " **કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા** " પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી.પો.એ.ડી. થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧–૦૦ થી ૧૫–૦૦ કલાક વચ્ચે **તા. ૨૬/૧૨/૨૦૨૨** સુધીમાં **ગ્રામ વિકાસ ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા , તા. જાંબુઘોડા , જી. પંચમહાલ** કચેરી ખાતેથી અરજી સાથે **આચાર્યશ્રી ગ્રામ વિકાસ ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા** કચેરીના નામનો **રૂા. ૧૫૦૦/–** નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ ધ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ **તા. ૨૦/૧૨/૨૦૨૨** ના રોજ ૧૬:૦૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા **જાંબુઘોડા, તા. જાંબુઘોડા, જી. પંચમહાલ** કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુકત અધિકારીને **તા. ૨૯/૧૨/૨૦૨૨** ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : જાંબુઘોડા
તારીખ : ૦૭/૧૨/૨૦૨૨

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા જાંબુઘોડા
તા. જાંબુઘોડા, જી. પંચમહાલ